પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ,અમદાવાદ
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦.
Email:Spl1-ahd@gujarat.gov.in

## -: જાહેરનામું :-

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ:

ક્રમાંક: વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/ 09 /૨૦૨૦, તા-31/ 01/૨૦૨૧

વંચાણે લીધા:-

(૧) ગૃહ મંત્રાલય ભારત સરકારના હુકમ ક્રમાંક: 40-3/2020-DM-I(A) તા.૨૭/૦૧/૨૦૨૧ તથા;

(૨) ગુજરાત સરકારના હુકમ ક્રમાંક : વિ-૧/ કઅવ/ ૧૦૨૦૨૦/ ૪૮૨, તા.૩૦/૦૧/૨૦૨૧ આધારે.

સમગ્ર દેશમાં COVID-19 ની અસરોને નિયંત્રિત કરવાના હેતુથી The Disaster Management Act-2005 થી મળેલ સત્તા અન્વયે કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૪/૦૩/૨૦૨૦ ના હુકમ ક્રમાંક : 40-3/2020-DM-I(A) થી સમગ્ર દેશમાં તા.૨૫/૦૩/૨૦૨૦ થી ૨૧ દિવસ સુધી આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ મોકૂફ રાખવામાં આવેલ. ત્યારબાદ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના વખતો વખતના હુકમથી આ અવધી તા.૩૧/૦૧/૨૦૨૧ સુધી લંબાવવામાં આવેલ.

છેલ્લા ચાર માસથી સમગ્ર દેશમાં COVID-19 ના active casesની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો નોંધાયેલ છે. તેમ છતા COVID-19 ના સંક્રમણને રોકવા તથા તેને સંપૂર્ણ પણે નાબૂદ કરવા સાવચેતી તથા નિયત containment strategy નું પાલન કરવું આવશ્યક જણાય છે. જેથી surveillance, containment અને COVID-19 ના સંક્રમણને રોકવા અંગેની માર્ગદર્શિકાના ચુસ્તપણે અમલીકરણ માટે National Disaster Management Authority ના નિર્દેશો મુજબ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૭/૦૧/૨૦૨૧ ના હુકમ ક્રમાંક: 40-3/2020-DM-I(A) થી તા.૦૧/૦૨/૨૦૨૧ થી અમલમાં આવે તે રીતે માર્ગદર્શિકા અમલમાં મુકવામાં આવેલ છે.

રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન ઓથોરિટી (N.D.M.A.) ના દિશાનિર્દેશ અનુસાર કેન્દ્રીય ગૃહ મંત્રાલયના ક્રમાંક: 40-3/2020-DM-I(A) તા.૨૭/૦૧/૨૦૨૧ ના હુકમ તથા ગુજરાત સરકારના ગૃહ વિભાગના ક્રમાંક : વિ-૧/ કઅવ/ ૧૦૨૦૨૦/ ૪૮૨, તા.૩૦/૦૧/૨૦૨૧ માં જણાવેલ નિર્દેશો આધારે કન્ટેઇનમેન્ટ ઝોનમાં તા.૨૮/૦૨/૨૦૨૧ સુધી લોકડાઉનની અવધિ લંબાવવામાં આવી છે, તથા કન્ટેઇનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં માર્ગદર્શક સુચનાઓ અનુસાર નિયત પ્રવૃતિઓ ચાલું રાખવા હુકમ કરવામાં આવેલ છે.

આથી હું સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગ ના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નં.જીજી/ ૪૨૨/ સીઆરસી/ ૧૦૮૨/ એમ તથા ગૃહ વિભાગના તા. ૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામાં નં.જીજી/ ફકઅ/ ૧૦૮૮/ ૬૭૫૦/ મ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ મુજબ તા.૦૧/૦૨/૨૦૨૧ ના કલાક ૦૦/૦૦ વાગ્યાથી તા.૨૮/૦૨/૨૦૨૧ ના કલાક ૨૪/૦૦ વાગ્યા સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરી નીચે મુજબ હુકમ કરૂ છું:

-:હુકમ:-

A. તા.૨૮/૦૨/૨૦૨૧ સુધી કન્ટેઇનમેન્ટ ઝોન/માઇક્રો કન્ટેઇનમેન્ટ ઝોનમાં ફકત આવશ્યક ગતિવિધીઓ ચાલુ રહેશે.

૧.(૧) **COVID Appropriate Behavior**

1. સ્થાનીક સત્તાધીશોએ **COVID-19 appropriate behavior** ને ઉત્તેજન આપવા તેમજ યોગ્ય રીતે ચહેરાને ઢાંકવા, hand hygiene તેમજ સોશિયલ ડિસ્ટન્સીંગના પાલનને સુનિશ્ચિત કરવા માટે જરૂરી તમામ પગલા લેવાના રહેશે.
2. આ સાથે સામેલ **Annexure-1**માં દર્શાવેલ **National Directive for** COVID-19 managementનું અમદાવાદ શહેર વિસ્તારમાં ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧.(૨) **Surveillance and Containment**

1. સ્થાનિક સત્તાધીશોએ જરૂરીયાત જણાયે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકારની વખતોવખતની માર્ગદર્શિકાઓ ધ્યાને લઇ કાળજીપૂર્વક કન્ટેઇનમેન્ટ ઝોન જાહેર કરવાના રહેશે. જાહેર કરેલા કન્ટેઇનમેન્ટ ઝોનમાં **Containment Measures** નુ ચુસ્તપણે સમગ્રતયા પાલન કરવાનું રહેશે.
2. પોલીસ તથા સ્થાનિક મંડળોએ નિયત **Containment Measures**નું ચુસ્તપણે સમગ્રતયા પાલન કરવાનું રહેશે.

૧.(3) નિયત SOPનું ચુસ્તપણે પાલન

એ. <u>**Containment Zone**</u> સિવાયના વિસ્તારોમાં નિયત કરવામાં આવેલ SOPનું ચુસ્તપણે પાલન કરવાની શરતે તમામ પ્રવૃત્તિઓ ચાલુ રાખી શકાશે.

બી. કન્ટેઇનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં સામાજીક, શૈક્ષણિક, રમત-ગમત, મનોરંજન, સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ધાર્મિક, રાજકીય સમારોહ તથા **Other Congregation/ Large Gathering** સંદર્ભે નીચે મુજબની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

(૧) **Adequate Physical Distancing** અને તેના માટે **Floor Marking** કરવાનું રહેશે.

(૨) સમગ્ર સમારંભ દરમિયાન ચહેરાને યોગ્ય રીતે તમામ સમયે ઢાંકી રાખવાનો રહેશે.

(3) થર્મલ સ્કેનીંગ, ઓક્સિમીટર, સેનેટાઇઝરની સગવડતા પૂરી પાડવાની રહેશે. સ્ટેજ, માઇક, સ્પીકર તેમજ ખુરશીઓને સમયાંતરે સેનેટાઇઝ કરવાના રહેશે.

(૪) હેન્ડ વોશ/ સેનેટાઈઝરની સુવિધાનો તમામે ફરજિયાત અમલ કરવાનો રહેશે.

(૫) સમારંભ દરમિયાન થૂંકવા તેમજ પાન-મસાલા, ગુટખાના સેવન પર સંપૂર્ણપણે પ્રતિબંધ રહેશે.

(૬) ૬૫થી વધુ વયના વયસ્ક નાગરિકો, ૧૦ વર્ષથી ઓછી ઉમરના બાળકો, સગર્ભા મહિલાઓ તેમજ અન્ય બિમારીઓથી પીડિત વ્યકિતઓ આ પ્રકારના સમારંભમાં ભાગ ન લે તે સલાહભર્યું છે.

(૭) આરોગ્ય સેતુ એપનો ઉપયોગ થાય તે હિતાવહ રહેશે.

(૮) બેઠક વ્યવસ્થા ગોઠવતા સમયે **Adequate Distance** જળવાઈ રહે તેની તકેદારી રાખવાની રહેશે.

(૯) તમામ કાર્યક્રમો દરમ્યાન તબીબી સુવિધાઓ તુર્તજ ઉપલબ્ધ થાય તે માટે જરુરી પ્રબંધ કરવાનો રહેશે.

(૧૦) કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના તા.૦૪.૦૬.૨૦૨૦ના હુકમ ક્રમાંક : **Z28015 /19/2020-EMR(PT)** થી ધાર્મિક સ્થળો, મોલ્સ, રેસ્ટોરેન્ટ, હોટેલ, આતિથ્ય એકમો સંદર્ભમાં બહાર પાડવામાં આવેલ SOP નો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૧) એરકન્ડીશનીંગ/ વેન્ટીલેશન માટે સી.પી.ડબલ્યુ.ડી.ની માર્ગદર્શિકાનું પાલન કરવાનું રહેશે.

સી. લગ્ન/સત્કાર સમારંભ જેવા પ્રસંગો સંબંધમાં ખુલ્લા સ્થળોએ/બંધ સ્થળોએ, સ્થળની ક્ષમતાના ૫૦%થી વધુ નહી પરંતુ મહત્તમ ૨૦૦ વ્યકિતઓની મર્યાદામાં જ સમારોહ/પ્રસંગનું આયોજન કરી શકાશે. આ અંગે **Digital Gujarat Portal (www.digitalgujarat.gov.in)** પર **Online Registration for Organizing Marriage Function** નામના **Software** પર **Online** અરજી કરવાની રહેશે .

ડી. મૃત્યુ બાદની અંતિમ ક્રિયા/ધાર્મિક વિધિમાં મહત્તમ ૫૦ વ્યકિતઓની મર્યાદા રહેશે.

ઈ. હોલ, હોટેલ, બેન્કવેટ હોલ, રેસ્ટોરેન્ટ, ઓડીટોરીયમ, કમ્યુનીટી હોલ. ટાઉન હોલ, જ્ઞાતિની વાડી વિગેરે જેવા બંધ સ્થળે સામાજીક, શૈક્ષણિક, રમત-ગમત, મનોરંજન, સાસ્કૃતિક પ્રવૃતિઓ, ધાર્મિક, રાજકીય સમારોહ તથા **Other Congregations/Large Gathering** નું સ્થળની ક્ષમતાના ૫૦%ની મર્યાદામાં સમારોહ/ પ્રસંગનું આયોજન કરી શકાશે.

એફ. જયારે પાર્ટી પ્લોટ, ખુલ્લા મેદાનો, સોસાયટીના કોમન પ્લોટ કે અન્ય ખુલ્લા સ્થળોએ સામાજીક, શૈક્ષણિક, રમત-ગમત, મનોરંજન, સાસ્કૃતિક પ્રવૃતિઓ, ધાર્મિક તથા **Other Congregation** નું જયારે આયોજન કરવામાં આવે ત્યારે પારા ૧(૩)(બી) માં દર્શાવેલ બાબતોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૨. અમદાવાદ શહેરમાં આવેલ ધાર્મિક સ્થળો, હોટેલ અને રેસ્ટોરેન્ટ, આતિથ્ય એકમો, શોપિંગ મોલ, કચેરીઓ સંદર્ભમાં કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના તા.૦૪.૦૬.૨૦૨૦ના હુકમથી બહાર પાડવામાં આવેલ SOPનું તથા ધાર્મિક સ્થળો બાબતે ગૃહ વિભાગના તા.૦૭.૦૬.૨૦૨૦ના હુકમ ક્રમાંક વિ-૧/કઅવ/૧૦૨૦૨૦ /૪૮૨થી બહાર પાડવામાં આવેલ SOPનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

3. સિનેમા હોલ તથા થિયેટર સંદર્ભે **Ministry of Information & Broadcasting, Government of India** દ્વારા કેન્દ્રીય ગૃહ મંત્રાલયના પરામર્શમાં બહાર પાડવામાં આવનાર SOP અન્વયે રાજયના માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા ઉકત SOP ને ધ્યાને લઇ જે કોઇ સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવે તેનું પણ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૪. સ્વિમિંગપૂલ સંદર્ભમાં **Ministry of Youth Affairs & Sports, Government of India** દ્વારા કેન્દ્રીય ગૃહ મંત્રાલયના પરામર્શમાં બહાર પાડવામાં આવનાર SOP અન્વયે રાજયના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા ઉકત SOP ને ધ્યાને લઇ જે કોઇ સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવે તેનું પણ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૫. એક્ઝીબીશન હોલ સંદર્ભમાં **Department of Commerce, Government of India** દ્વારા કેન્દ્રીય ગૃહ મંત્રાલયના પરામર્શમાં બહાર પાડવામાં આવનાર SOP અન્વયે રાજયના ઉદ્યોગ અને ખાણ

વિભાગ દ્વારા ઉકત SOP ને ધ્યાને લઇ જે કોઇ સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવે તેનું પણ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૬. અન્ય જુદી-જુદી પ્રવૃત્તિઓ જેવી કે ટ્રેન મારફતે મુસાફરોની અવર-જવર, હવાઇ મુસાફરી, મેટ્રો ટ્રેન, શાળાઓ, ઉચ્ચ શિક્ષણની શૈક્ષણિક સંસ્થાઓ, યોગા સેન્ટર, જિમ્નેશિયમ સંબંધમાં કેન્દ્ર સરકાર તેમજ રાજય સરકારના સંબંધિત વિભાગો દ્વારા જાહેર કરવામાં આવેલ SOP નું તમામે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. જાહેરમાં થૂંકવા તથા જાહેરમાં યોગ્ય રીતે ચહેરો ન ઢાંકવા બદલ રાજય સરકાર દ્વારા વખતો વખતના હુકમથી નિયત કરવામાં આવેલ દંડને પાત્ર રહેશે.

૮. કેન્દ્ર સરકારના તા.૨૫/૧૧/૨૦૨૦ ના હુકમ સાથેના **Annexure-I** માં જણાવવામાં આવેલ **The National Directives for COVID-19** નું તમામે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯. કેન્દ્રીય ગૃહ મંત્રાલય તથા ગુજરાત સરકારના વખતો વખતના હુકમોથી આપવામાં આવેલ આદેશો તથા માર્ગદર્શક સુચનાઓ આખરી રહેશે અને તમામે ચુસ્ત રીતે અમલ કરવાનો રહેશે.

-:વિસ્તાર:-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

-:શિક્ષા:-

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮, અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, **The Disaster Management Act, 2005** ની કલમ ૫૧ થી ૬૦ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

-:જાહેર વિજ્ઞાપન:-

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ **Social media** એકાઉન્ટસ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮, અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, The Disaster Management Act, 2005 ની કલમ ૫૧ થી ૬૦ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૩૧/૦૧/૨૦૨૧ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર ... અમદાવાદ શહેર

ગુજરાત ટ્રક ટ્રા એસોસિયેશન, અમદાવાદ
AGTTA

(સંજય શ્રીવાસ્તવ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના:

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર, ગુજરાત સરકાર.

(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.

(3) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી.ગુ.રા, ગાંધીનગર.

(૪) અધિક પો.મહાનિદેશકશ્રી(ઈન્ટે), ગુ.રા, ગાંધીનગર.

(૫) પોલીસ કમિશનરશ્રી, સુરત, વડોદરા, રાજકોટ શહેર.

(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.

(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર.

(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.

(૯) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા, ગાંધીનગર.

(૧૦) સંયુકત માહિતી નિયામકશ્રી, બેરેક નં-૦૩, આંબાવાડી, પોલીટેકનીક, અમદાવાદ શહેર.

(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા, અમદાવાદ શહેર.

(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.

(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરઝાપુર, અમદાવાદ શહેર.

(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.

(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.

(૧૬) સંયુકત/ અધિક પોલીસ કમિશનરશ્રી, સેકટરટર-૧,૨/ ક્રાઈમ બ્રાંચ/ મુખ્ય મથક/ ટ્રાફીક શાખા.

(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી, અમદાવાદ શહેર.

(૧૮) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૧૯) નાયબ પોલીસ કમિશનરશ્રી (ઈન્ટે), અમદાવાદ શહેર.

(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત  કરવા)

(૨૨) તમામ પો.ઈન્સશ્રીઓ,અમદાવાદ શહેર.( જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૨૩) મદદનીશ પોલીસ કમિશનરશ્રી, એસ.ઓ.જી, અમદાવાદ શહેર.

(૨૪) પો.ઈન્સશ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૫) પો.ઈન્સશ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.

(૨૬) પો.સબ.ઈન્સશ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.

(૨૭) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P. Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૮) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ (અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ)

**Annexure I**

## NATIONAL DIRECTIVES FOR COVID-19 MANAGEMENT

1. **Face coverings:** Wearing of face cover is compulsory in public places; in workplaces; and during transport.
2. **Social distancing:** Individuals must maintain adequate distance in public places.

   Shops will ensure physical distancing among customers.
3. **Spitting in public places** will be punishable with fine, as may be prescribed by the State/ UT local authority in accordance with its laws, rules or regulations.

*Additional directives for Work Places*

4. **Staggering of work/ business hours** will be followed in offices, work places, shops, markets and industrial & commercial establishments.
5. **Screening & hygiene:** Provision for thermal scanning, hand wash or sanitizer will be made at all entry points and of hand wash or sanitizer at exit points and common areas.
6. **Frequent sanitization** of entire workplace, common facilities and all points which come into human contact e.g. door handles etc., will be ensured, including between shifts.
7. **Social distancing:** All persons in charge of work places will ensure adequate distance between workers, adequate gaps between shifts, staggering the lunch breaks of staff, etc.

***